
# ગટરો ઉભરાતા ગંદા પાણી વચ્ચે પસાર થતા સે-૩/ડીના રહીશોની સમસ્યા કયારે દૂર થશે ?







ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરનું સે-૩-ડી જાણે કે ગંદકીનું નગર હોય તેવું ઘણા સમયથી રહીશો અનુભવી રહ્યા છે. સેકટરમાં છેલ્લા ત્રણ મહીનાથી ગટર ઉભરાવાને કારણે રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. જેથી ઉભરાતી ગટરોનું પાણી તંત્ર ફાઈટર દ્વારા ખેંચી નિયમિત રીતે સફાઈ કરવામાં આવે તેવી માંગણી ઉઠી છે.

શહેરમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ગટરોના કારણે રહીશોની ઉંઘ હરામ થઈ ગઈ છે. જેમાં સે-૩-ડી ખાતે પ્લોટ નં. ૧૦૯૯/૨ની સામે મોટી ગટર વારંવાર ઉભરાતી હોવાથી માથું ફાટી જાય તેવી દુર્ગંધ ફેલાય છે. જેથી આજુબાજુમાં રહેતા રહીશો ચિકનગુનિયા, મેલેરિયા જેવા જીવલેણ રોગના ભય હેઠળ જીવી રહ્યા છે.

ગટર ઉભરાવાની સમસ્યાની લેખિત અને મૌખિક રજુઆત પણ તંત્ર સમક્ષ કરવામાં આવી છે પણ નઘરોળ તંત્રને સમસ્યા નિવારવાનો સમય પણ મળતો નથી ત્યારે વસાહતીઓ દ્વારા વોર્ડ નં.૧૦ના કોર્પોરેટર પાસે પણ અપેક્ષા રાખવામાં આવી છે કે પોતે અંગત રસ લઈ ગટરો ઉભરાતી બંધ કરાવવામાં આવે તેવી ઈચ્છા રહીશો રાખી રહ્યા છે.

### ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા

## યુવાન મહિલાના સી.ડી. કાંડની તપાસ સી.બી.આઈ.ને સોંપવાની માગણી સાથે આવેદનપત્ર અપાયું



ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા યુવાન મહિલાના સી.ડી. કાંડની સી.બી.આઈ. દ્વારા તપાસ આજ રોજ કરવાની માગણી સાથે કલેકટરશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રાજયના મુખ્યમંત્રીને જે યુવાન મહિલામાં રસ હતો તે મહિલાના મિત્રો, સંબંધીઓ અને તત્કાલીન કલેકટર પ્રદિપ શર્માના ટેલિફોન ટેપ કરવાની સુચના આપતી ઘટનાને અમિત શાહ અને ડી.એસ.પી. સીંગલની ટેલીફોનીક વાતચીતની સીડીની તપાસ કરવી અને અમીત શાહ સામે કોર્ટના સુપરવિઝન હેઠળ સીબીઆઈ એજન્સી દ્વારા તપાસ કરાવવા અંગે તા. ૨૬ નવેમ્બરે શહેર જિલ્લા કોંગ્રેસ દ્વારા ગાંધીનગર કલેકટરને આવેનદપત્ર આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઈ પટેલ, પક્ષના નેતા ચિમન વિઝુંડા, પ્રેમબા હાંડા, કનુભાઈ પ્રજાપતિ, કોર્પોરેટર હર્ષજીત પંડયા, અંકીત બારોટ તેમજ મહિલા કોંગ્રેસ, યુવા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ. અને ગાંધીનગર શહેરના તમામ કોંગ્રેસના આગેવાનો, હોદેદારશ્રીઓ તથા પદાધિકારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા તેમ મહામંત્રી કે.પી. સોલંકીએ જણાવ્યું છે.

## બે ટ્રેકટર સહીત વાહનચોરીના ત્રણ ગુનાઓનો ભેદ ઉકેલાયો

### ઝાલોદ પોલીસે રીઢા વાહનચોરને ઝડપ્યો, વધુ ગુન્હાના ભેદ ઉકેલાય તેવી શકયતા

ગાંધીનગર, તા.૨૬

ઝાલોદ પોલીસે વાહન ચોરીના એક આરોપીને ઝડપી પાડતા તેની પુછપરછમાં આ શખ્સે ગાંધીનગર શહેરમાં પણ બે ટ્રેકટર સહિત ત્રણ વાહનોની ચોરીની કબુલાત કરી હતી. ગાંધીનગર શહેરની સે-૭ પોલીસે આરોપીને ટ્રાન્સફર વોરંટના આધારે ગાંધીનગર લાવી તેની વધુ પુછપરછ હાથ ધરી છે. જેમાં આરોપી પાસેથી વધુ ગુનાનો ભેદ ઉકેલી શકાય તેમ છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ઝાલોદ પોલીસે બે દિવસ અગાઉ વાહન ચોરી કરતા સુખારામ રૂપાભાઈ ગરાસિયા નામના એક રીઢા વાહનચોરને ઝડપી પાડયો હતો અને તેની પુછપરછ કરતા અનેક ચોરીના ભેદ ખુલ્યા હતા. જેમાં આરોપીએ વર્ષ ૨૦૧૦માં ગાંધીનગર શહેરના સેકટર-૬-૭ ચોકડી નજીકથી ૧ ટ્રેકટર અને કુડાસણ ગામેથી ૧ ટ્રેકટર સહિત કુલ ત્રણ મોટા વાહનોની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. આથી ગાંધીનગર પોલીસને આ મામલે જાણ કરવામાં આવતા ગાંધીનગર શહેર સેકટર-૭ પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે આરોપીને ગાંધીનગર લાવવા તજવીજ હાથ ધરી હતી. દરમિયાન આજે સે-૭ પોલીસે તેને ટ્રાન્સફર વોરંટના આધારે ગાંધીનગર લાવી તેની વધુ પુછપરછ હાથ ધરી હતી અને તેની વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ટ્રાફિક પોલીસ દંડ વસુલીમાં મશગુલ

### ૨૦ દિવસમાં સતત ૩જી વખત ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી વાહનચાલકો પાસે કુલ રૂ. ૩૪૨૭૫ નો દંડ વસૂલ કર્યો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર ટ્રાફિક પોલીસે આજે શહેરના ચ-૦ સર્કલ નજીક સવારે ટ્રાફિકના નિયમોનું પાલન ન કરનાર વાહનચાલકો સામે ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી હતી. પોલીસે વાહનચાલકો સામે લાલ આંખ કરી ૩ કલાકમાં જ કુલ રૂ. ૩૪૨૭૫નો દંડ વસુલ કર્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસે શહેરના ચ-૦ સર્કલ પાસે ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં લાયસન્સ વગર વાહન ચલાવતા નવ વાહન ચાલકોના વાહનો ડીટેઈન કર્યા હતા. જ્યારે હેલમેટ વગર વાહન ચલાવતા ૪૭૬, સીટ બેલ્ટ વગરના ૮૦, તેમજ કાળી ફીલમ પટ્ટી ધરાવતા ૧૫ સહિત અન્ય જરૂરી પૂરાવા ન ધરાવતા કુલ ૧૫૪ વાહનચાલકોને પાવતીઓ આપવામાં આવી હતી અને સવારના ૯ થી ૧૨ દરમિયાન ચાલેલા આ ટ્રાફિક ઝુંબેશમાં પોલીસે સ્થળ પર જ વાહન ચાલકોપાસેથી કુલ રૂ. ૩૪૨૭૫ વસુલ કર્યા હતા. ટ્રાફિક પોલીસે છેલ્લા ૧૫-૨૦ દિવસમાં સતત ૩જી વખત ટ્રાફિકના નિયમો તોડનારા વાહનચાલકો સામે દંડનો દંડો ઉગાવી આશરે ૧ લાખ સુધીનો દંડ વસુલ્યો છે.

## મોડી સાંજે અડાલજ નજીક ધિંગાણું : બે જૂથો વચ્ચે લાકડીઓ ઉછળી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર નજીકના અડાલજ ગામે માર્ગ પર બે જૂથો વચ્ચે સામાજિક બાબતે મોડી સાંજે ધિંગાણું થયું હતું જેથી અસંખ્ય લોકો લાકડીઓ લઈ માર્ગ પર ઉતરી આવ્યા હતા. તેવી માહિતી મળી હતી.

ધિંગાણા થતા લાકડીઓ લઈ રોડ પર દોડી આવેલા ટોળાના લીધે સમગ્ર માર્ગ પર ભારે ચહલ-પહલ જોવા મળી હતી. ધિંગાણાની જાણ પોલીસને થતા પોલીસ તુરંત ઘટનાસ્થળે દોડી આવી હતી. પરંતુ ઘટના સ્થળે લાકડીઓ લઈ આવેલા લોકોએ પોલીસને જોતા જ કલટી મારી લીધી હતી. આ ઘટનામાં એક જ સમાજના બે જૂથ વચ્ચે અથડામણ થઈ હોવાની માહિતી મળી હતી. જો કે આ સંદર્ભે કોઈ મોટી ઘટનાના સમાચાર પ્રાપ્ત થયા નથી.

## વણકર સમાજનો આંદોલનનો ત્રીજો દિવસ

ગાંધીનગર, તા.૨૬

શહેરમાં વણકર ભવન બનાવવા માટે સરકારે વણકર સમાજ માટે જમીન ન ફાળવતા સમાજ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન કરવામાં આવ્યું છે. આંદોલનના આજે ત્રીજા દિવસે મોટી સંખ્યામાં અમદાવાદ અને અલગ અલગ વિસ્તારમાંથી જ્ઞાતિ બંધુઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. જેમાં સમાજ ભવન બના કે રહેંગેના નારા સાથે વણકર ભાઈઓ આંદોલનમાં ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ આંદોલન એક મહિના સુધી ચાલનાર છે.

## ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા બોરીજમાં સફાઈ કર્યા વગર જ આકારાયેલો સફાઈ વેરો નાબૂદ કરવા માંગ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ સંલગ્ન બોરીજ વિકાસ મંડળ દ્વારા ગાંધીનગર મહાનગર પાલિકાએ બોરીજ ગ્રામજનોને ફટકારેલા પ્રોપર્ટી તેમજ સફાઈ ચાર્જના બિલો બાબતે સફાઈવેરો રદ કરવાની માંગણી કરવામાં આવેલ છે. આ બિલોમાં રૂ. ૬૦ સફાઈ ચાર્જ પેટે આકારવામાં આવ્યો છે. પરંતુ વિકાસ મંડળના જણાવ્યા અનુસાર બોરીજ ગામમાં કોર્પોરેશન દ્વારા કોઈજ સફાઈ કરવામાં આવતી નથી તેમજ કચરાના નિકાલ માટે એક પણ કન્ટેનર મુકવામાં આવેલ નથી તેવું જણાવતા ખરેખર જે કામ જ ના થતુ હોય તે કામનો વેરો વસુલવામાં અંગે પ્રજાના પ્રતિનિધિઓ પર વિશ્વસનીયતાના પ્રશ્નો ઉભા થઈ રહેલા હોવાનું જણાવ્યું છે.

આ બાબતને ગંભીરતાથી લઈને સત્વરે સફાઈ વેરો નાબૂદ કરવા ગાંધીનગર મહાનગરપાલિકાને રજૂઆત કરવામાં આવી છે.

## વણકર સમાજને રબારી અને ગુરૂબ્રાહ્મણ સમાજે ટેકો આપ્યો

ગાંધીનગર, તા.૨૬

સત્યાગ્રહ છાવણી ખાતે એક મહિના સુધી વણકર સમાજનું આંદોલન ચાલશે. જેમાં સરકાર દ્વારા ભવનની જમીન માટે અવગણના કરવામાં આવી છે ત્યારે વણકર સમાજને ગુરુ બ્રાહ્મણ સમાજના અશોકભાઈ શ્રીમાળી કોર્પોરેટર મનપા અને ગાંધીનગર રબારી સમાજે ટેકો આપી માંગણીને યોગ્ય ઠરાવી છે એમ પ્રમુખ તેજાભાઈ દેસાઈએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## એલ.ડી.આર.પી. કોલેજ આગળ કારચાલકે સાયકલ સવારને અડફેટે લીધો

ગાંધીનગર, તા. ૨૬

શહેરના સેકટર-૧૫ સ્થિત એલ.ડી.આર.પી. કોલેજ આગળ માર્ગ પરથી સાઈકલ લઈ પસાર થતા સાઈકલ સવારને પાછળથી પુરપાટઝડપે આવતી કારે અડફેટે લેતા સાઈકલ સવાર માર્ગમાંથી ફંગોળાઈ ગયો હતો જેથી શરીરે ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. જે અંગે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર સહેરના ઘ-૪ નજીક આવેલા ઉદ્યોગ ભવનમાં ચોકીદાર તરીકે નોકરી કરતા અદમસિંહ આરંગસિંહ ભંગી (આદીવાસી) આજે બપોરના સમયે પોતાની સાયકલ લઈ જતા હતા સેકટર-૧૫ એલ.ડી.આર.પી. કોલેજ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી પુરપાટ ઝડપે આવતી એક ગાડી નં. જીજે૧૮બીએ-૮૪૪૨ ના ચાલકે બેદરકારીપૂર્વક ગાડી હંકારી સાયકલ સવાર ચોકીદારને અડફેટે લીધો હતો. ગાડીની ટક્કર વાગતા સાયકલ સવાર સાયકલ પરથી માર્ગ પર પટકાયો હતો અને શરીરે ઈજાઓ થતા તેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જે અંગે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## કલોલમાં રેલવે લાઈન પર કામ કરતા મજૂર પર ટ્રેન ફરી વળતા મોત

ગાંધીનગર, તા.૨૬

કલોલ નજીક ઈફકો ઈન્ડસ્ટ્રીઝ પાછળ આવેલ રેલવે ક્રોસિંગ નજીક પાટા પર કામ કરતા એક મજુરને પુરપાટ ઝડપી દોડી આવતી રેલવે ગાડી નીચે આવી જતા મજૂરના બે ટુકડા થઈ ગયા હતા અને સ્થળ પર જ કણસતી હાલતમાં તેનું કરૂણ મોત નિપજયું હતું. આ સંદર્ભે કલોલ તાલુકા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર નજીક કલોલ તાલુકાના સઈજ ગામે રહેતો અને મુળ મધ્યપ્રદેશનો વતની સંજય ગેડીયા ડામોર નામનો ૨૫ વર્ષીય યુવાન રેલવે લાઈન પર મજૂર તરીકે નોકરી કરતો હતો દરમિયાન આજે સવારના ૭.૪૫ કલાકે યુવાન રેલવેના પાટા ઉપર કામ કરી રહ્યો હતો ત્યારે પુરપાટ ઝડપે દોડી આવતી એક રેલગાડીએ આ મજૂરને અડફેટે લેતા તેના શરીરના બે ટુકડા થઈ ગયા હતા અને લોહી લુહાણ હાલતમાં મજૂર કણસતી હાલમાં મોતને ભેટયો હતો. આ મામલે કલોલ તાલુકા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તેના મૃતદેહને ગાંધીનગર સિવિલમાં પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો અને આ અંગે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## પુષ્પાંજલિ અર્પણ કરાશે

ગુજરાત વિધાનસભાના પોડિયમમાં સ્વ. શ્રી ગણેશ વાસુદેવ માવળંકર, પૂજ્ય ઠક્કરબાપા અને ડૉ. રાજેન્દ્ર પ્રસાદના તૈલચિત્ર મુકવામાં આવેલ છે. સ્વ. શ્રી ગણેશ વાસુદેવ માવલંકરના જન્મદિવસ તા. ૨૭-૧૧-૨૦૧૩ બુધવારના રોજ સવારના ૧૧.૦૦ કલાકે અને પૂજ્ય ઠક્કરબાપાના જન્મદિવસે શુક્રવાર તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે તથા ડૉ. રાજેન્દ્રપ્રસાદના જન્મદિવસ મંગળવાર, તા. ૩-૧૨-૨૦૧૩ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ આપવામાં આવશે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૯
સૂર્યાસ્ત : ૫.૫૫

### તાપમાન

મહત્તમ : ૩૩.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૫૮ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગોરી તેરે પ્યાર મે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ક્રીશ-૩ : ૬.૪૫
: સ્ક્રીન-૪ :
ગોરી તેરે પ્યાર મે : ૯.૦૦
રામલીલા : ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

**આર વર્લ્ડ**

: સ્ક્રીન-૧ :
ગોરી તેરા પ્યાર મેં : ૯.૦૦, ૧૨.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૨ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ગોરી તેરે પ્યાર મે : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

**સૂર્યા, વાવોલ**

સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
ગોરી તેરે પ્યાર મે : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
ગોરી તેરે પ્રયાર મેં : ૧.૩૦, ૭.૩૦

**ચિરાગ, કલોલ**

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી.

**વૃષભ** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દ્દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું.

**મિથુન** : મનોરંજન, આમોદ-પ્રમોદ સંબંધી વિશેષ યોગ. મિત્રોથી વિશેષ લાભ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા થઈ શકશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા.

**કન્યા** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ થવાની સંભાવના. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ.

**તુલા** : કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થઈ શકશે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

**વૃશ્ચિક** : વિશેષ નિર્ણય દ્વારા ધન વૃદ્ધિ થવાની સંભાવના. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : સામાજિકક્ષેત્રોથી લાભ મળી શકશે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : વિશિષ્ટ ખાનપાન પણ થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ. લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક ક્ષેત્રમાં વિશેષ યાત્રાની સંભાવના.

**કુંભ** : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતન. જ્ઞાન વિશેષ નિર્ણયથી લાભ પ્રાપ્તિ થશે. પરિવાર, વેપારની બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : વ્યાપારમાં ગહન શોધ સંબંધી કાર્ય થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.